
॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 48,(SURAT), DATE-21/05/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૮, (સુરત), તા.૨૧/૦૫/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ઉંભેળનું મધમાખી ઉછેર કેન્દ્ર બન્યું આત્મનિર્ભરતાનું મોડેલ

3 ૨૫૦ સ્કૂલનો ૧૫ ટકા ફી વધારો પેન્ડિંગ:એફઆરસીએ ૧૫૦૮ સ્કૂલોની૩૦ હજાર સુધીની ફી મંજૂર કરી

4 દારૂ હોમ ડિલિવરી મળે છે, પણ રૂપિયા દેવા છતાં ખાતર મળતું નથી !! : ગોપાલ ઇટાલીયા


# હનુમાન બેનીવાલની વિવાદિત ટિપ્પણી બાદ કરણી સેનામાં આક્રોશ, કાર્યકરોને 'તૈયાર' રહેવા નિર્દેશ

સપાના સાંસદ રામજી લાલ સુમન બાદ ક્ષત્રિયો વિરૂદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપનારા વધુ એક રાજકરણી ફસાયા છે. નાગૌરના સાંસદ અને રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીના અધ્યક્ષ હનુમાન બેનીવાલે ક્ષત્રિયોની લાગણી દુભાવતું નિવેદન આપતાં ક્ષત્રિય કરણી સેનાએ નારાજગી વ્યક્ત કરી છે. બેનીવાલે રાજસ્થાનના રાજા-મહારાજાઓ અને ઈતિહાસ મુદ્દે ટીપ્પણી કરી હતી. જેથી રાજપૂત સમાજ રોષે ભરાયો હતો. ક્ષત્રિય કરણી સેનાના અધ્યક્ષ ડો. રાજ શેખાવતે નારાજગી વ્યક્ત કરતાં જડબાતોડ જવાબ આપવાની જાહેરાત કરી છે. તેમજ પોતાના કાર્યકારોને તૈયાર રહેવા આહ્વાન કર્યું છે.

**બેનીવાલને આકરો જવાબ આપીશું: રાજ શેખાવત**

શેખાવતે હનુમાન બેનીવાલના નિવેદનને ક્ષત્રિય સમાજનું અપમાન કર્યું હોવાનું જણાવતાં કહ્યું છે કે, આ અમારા ગૌરવશાળી પૂર્વજો અને વિરાંગનાઓનું અપમાન છે. અમારા પૂર્વજો અને ક્ષત્રિયો વિરૂદ્ધ ફરી એકવાર અભદ્ર ટીપ્પણી થઈ છે. તે પણ એક લોકસેવક, રાજસ્થાનના સાંસદ હનુમાન બેનીવાલ દ્વારા. જે જરાય ચલાવી લેવામાં આવશે નહીં. અમે ઝડપથી બેનીવાલને તેનો જડબાતોડ જવાબ આપીશું. કરણી સેના આ મુદ્દાને માત્ર આક્ષેપ અને નિવેદનબાજી સુધી સીમિત રાખશે નહીં.



**બેનીવાલને જવાબ આપવાની તારીખ જાહેર કરીશું**

વધુમાં શેખાવતે કહ્યું કે, ટૂંકસમયમાં જ રાજસ્થાન સાંસદ હનુમાન બેનીવાલને આક્રમક જવાબ આપીશું. ટૂંકસમયમાં જ તારીખ, સમય અને સ્થળ જાહેર કરીશું. તમામ કરણી સૈનિક તૈયાર રહેજો. કરણી સેનાનું આ આક્રમક વલણ જોતાં રાજયના રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. અનેક રાજપૂત નેતાઓએ બેનીવાલના નિવેદનની ટીકા કરી તેમને માફી માગવા કહ્યું છે.

**શું હતું બેનીવાલનું નિવેદન**

સાંસદ હનુમાન બેનીવાલે રાજયના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં વીડિયોમાં કહ્યું હતું કે, રાજસ્થાનમાં માત્ર એક-બે લોકોએ જ લડાઈઓ લડી છે, બાકી લોકો તો મુઘલો સામે ઘૂંટણીયે પડ્યા હતાં. પોતાની દિકરીઓ સોંપી દીધી હતી. આ નિવેદનથી કરણી સેના અને રાજપૂત સમાજ રોષે ભરાયું છે. સોશિયલ મીડિયા પર અનેક યુઝર્સે તેને રાજપૂત સમાજના ઈતિહાસ અને બલિદાનનું અપમાન ગણાવી વખોડ્યા છે.


**કરણી સેનાએ છેડ્યો હતો મોરચો**

રાણા સાંગાને ગદ્દાર કહેનારા સપા સાંસદ રામજીલાલ સુમનના કાફલા પર થોડા સમય પહેલાં જ ક્ષત્રિય સમાજે હુમલો કર્યો હતો. ૨૦ ગાડીઓના કાફલાને બુલંદ શહેરમાં જ ઘેરી લીધો હતો. સાંસદ વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતાં. ટાયર-પથ્થરો ફેંકી હુમલો કર્યો હતો. રામજીલાલ સુમનનો દેશભરના ક્ષત્રિયો-રાજપૂત સમાજે બહિષ્કાર કરતાં મોરચો છેડ્યો હતો. રેલીઓ કાઢી સુમન વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવા માગ કરી હતી.

# ગુજરાતમાં બીપીએલ અને આવકના દાખલાઓમાં મોટા પાયે ગેરરીતિ: કોગ્રેસ મહામંત્રી માંગરોલા

## ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલા રાજય સરકાર નિષ્પક્ષ તપાસની માંગ ઉચ્ચારી

**સુરત-**ગુજરાતમાં વિવિધ યોજનાઓના લાભોમાં વધુ એક ભ્રષ્ટાચારનો આક્ષેપ ઉઠ્યો છે. ભાજપના રાજકીય ઓઠા હેઠળ અને આવકના દાખલાઓમાં મોટા પાયે ગેરરીતિ થઈ રહી હોવાનો આક્ષેપ સાથે સમગ્ર રાજયમાં તપાસની માંગ ઉઠાવી છે. ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાએ આ મુદ્દે રાજય સરકાર નિષ્પક્ષ તપાસની માંગ ઉચ્ચારી છે.



તેમણે જણાવ્યું કે, હાલમાં નર્મદા જિલ્લામાં ખોટા આવકના દાખલાઓના આધારે વૃદ્ધ પેન્શન, વિધવા પેન્શન અને અન્ય સરકારી યોજનાઓનો લાભ લઇ લેવાઈ રહ્યો છે, તેવી ઘટનાએ રાજયવ્યાપી ભ્રષ્ટાચારના પગલાં ચિંતાજનક બનાવી દીધા છે. પ્રદેશ કોગ્રેસનું દ્રષ્ટિકોણ એ છે કે આ પ્રકારના કૌભાંડો માત્ર નર્મદા જિલ્લામાં નથી, પણ સમગ્ર ગુજરાત રાજયમાં યોજનાબદ્ધ રીતે થઈ રહ્યા છે. ઇડ્ક યાદીમાં સરકારના નિયમોને ધજાગરા કરીને ભાજપના સ્થાનિક નેતાઓ અને કાર્યકરોના સંકેત પ્રમાણે નામો ઉમેરવામાં આવી રહ્યા છે. રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના નકલી લાભાર્થીઓથી સાચા અને યોગ્ય લાભાર્થીઓ વંચિત રહી ગયા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સમગ્ર રાજયમાં આવકના દાખલાઓ અને ઇડ્ક યાદી અંગે વિશેષ તપાસ હાથ ધરવામાં આવે, સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરીને ઉચ્ચ સ્તરે તપાસ શરૂ કરવામાં આવે, રાજકીય ઓઠા હેઠળ થયેલા કૌભાંડમાં સંડોવાયેલા સરકારી અધિકારીઓ અને રાજકીય પૃષ્ઠભૂમિવાળાઓ સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. સંદીપ માંગરોલાએ સ્પષ્ટ રીતે જણાવ્યું કે, આ એક વ્યાપક કૌભાંડ છે જેમાં જનતાની ન્યાયપાત્ર યોજનાઓ નો લાભરાજયસત્તા ના દુરુપયોગથી છીનવી લેવાયો છે.

# સુરત APMC ૩૭૦૦ કરોડના ટર્નઓવર સાથે રાજયમાં પ્રથમ:મંત્રી વિશ્વકર્માએ સરાહના કરી

## વધુમાં દક્ષિણ ગુજરાતનાં સહકારી ક્ષેત્રનાં વિકાસ માટેની બાબતમાં મદદરૂપ બનવાની ખાતરી ઉચ્ચારી હતી.

આવકની દ્રષ્ટિએ સમગ્ર રાજયમાં અવ્વલ અને દક્ષિણ ગુજરાતની પ્રખ્યાત કેરીનો પ્લપ, અથાણુ અને રેડી ટુ ઇટ પ્રોડક્ટ તૈયાર કરીને અમેરિકા, રશિયા, કોરીયા સહિતનાં દેશોમાં અલગ માર્કેટ બનાવનાર સુરત એપીએમસીની કામગીરીનાં સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ ભરપેટ વખાણ કર્યા હતા. સમગ્ર રાજયમાં આવેલી વિવિધ ૨૨૪ જેટલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પૈકી સુરત એપીએમસીએ વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ ઉભી કરી છે. સાથે જ રાજયમાં ૩૭૦૦ કરોડના ટર્નઓવર સાથે આવકની દ્રષ્ટિએ પ્રથમ ક્રમે રહીને નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. સુરત એપીએમસી દ્વારા દક્ષિણ ગુજરાતની પ્રખ્યાત કેરીનો પલ્પ, જમરૂખ, લીચી અને ટોમેટો કેચઅપ અને અથાણુ તૈયાર કરીને અમેરીકા, રશીયા, કેનેડા, કોરીયા સહિતનાં દેશોમાં પોતાની પ્રોડક્ટ નિકાસ કરી રહી છે. આ ઉપરાંત કચરા થકી બાયોગેસ તૈયાર કરવા સહિતની કામગીરીની આજે મુલાકાતે પહોંચેલા સહકારમંત્રી જગદીશ વિશ્વકર્માએ વખાણી હતી. તેમણે વધુમાં દક્ષિણ ગુજરાતનાં સહકારી ક્ષેત્રનાં વિકાસ માટેની બાબતમાં મદદરૂપ બનવાની ખાતરી ઉચ્ચારી હતી.



આ ઉપરાંત સહકારમંત્રી સુરત એપીએમસી દ્વારા બનાવવામાં આવેલા મોલની પણ મુલાકાત લીધી હતી, તેમની સાથે સહકાર સચિવ સંદિપકુમાર પણ જોડાયા હતા.

**રાજયમાં ૩૭૦૦ કરોડના ટર્નઓવર સાથે આવકની દ્રષ્ટિએ પ્રથમ ક્રમે રહીને નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે.**

## કામરેજ તાલુકામાં પાલી ગામ ખાતે સરપંચ દ્વારા

# તળાવની માટી સેવણી ગામના ફાર્મ હાઉસમા વેચાણ કરી.. ભ્રષ્ટાચાર..!





**પાલીગામ -** પાલીગામ પંચાયતના તળાવો માંથી ગામ ના સરપંચ કૌશિક કુમાર રમણભાઈ રાઠોડ દ્વારા ગામ બહાર માટી વેચવામાં આવી છે.

પાલી ગામના રહીશો માટી લઈ જતા ટ્રક ચાલકને પુછતા માટી કઇ જગ્યાએ લઇ જવાય છે અને એની રસીદ ચલણની માંગણી કરાઈ હતી ડ્રાઇવર પાસે કોઈ પણ ચલણ રસીદ ન મળતા ડ્રાઇવર ને ગામના રહીશો દ્વારા માલિક કોણ છે. એવા સવાલો કરવામાં આવ્યા ટ્રક ચાલક ટ્રક સ્થળ પર મુકી ને જ ભાગી ગયો.

અને ગામના રહીશોને સરપંચ દ્વારા ઉચાપત ભ્રષ્ટાચાર ની શંકા જતા તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે માટી ગામ પંચાયતનાં ઠરાવમાં એવુ જાણવા મળ્યું કે માટી પહેલા ગામના જરૂરિયાત લોકોને આપવાની હતી પછી ગામનાં ખેડૂતોને ખેતરો માટે આપવાની હોય છે. અને પછી સરકારનાં કોઈ પ્રોજેક્ટ માટે આપવાની રહેશે પણ સરપંચે જાણ કર્યા વગર માટી બારોબાર સેવણી પેટ્રોલ પંપની સામે હળપતિવાસ પાછળ ફાર્મહાઉસમાં ખૂબ ઉચી કિમતે માટી જાણ બહાર વેચી ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. ગ્રામજનો જણાવ્યું મુજબ ભૂસ્તરવિભાગ ની કોઈ પરમિશન અને રોયલ્ટી વગર માટી ખનન સરપંચ દ્વારા કરાયું છે આ અંગે ભૂસ્તર વિભાગ સુરત નિયામકશ્રી ને ગામજનોએ જાણ કરી ભ્રષ્ટાચાર ઉચાપટ કરનાર સરપંચ વિરુદ્ધ મા યોગ્ય પગલા ભરવા તાકીત કરવામાં આવી છે.

**સરકારનાં કોઈ પ્રોજેક્ટ માટે આપવાની રહેશે પણ સરપંચે જાણ કર્યા વગર માટી બારોબાર સેવણી પેટ્રોલ પંપની સામે હળપતિવાસ પાછળ ફાર્મહાઉસમાં ખૂબ ઉચી કિંમતે માટી જાણ બહાર વેચી ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું**


Congratulations

ચોથી વાર બારડોલી તાલુકા કોગ્રેસ મહામંત્રી તરીકે વરણી થવા બદલ, ટી.સી.ટી. વ્યસન મુક્તિ કેન્દ્ર બારડોલી શુભેચ્છા પાઠવે છે.



ચિંતનસિહ ચાવડા (ગામ : માણેકપુર)

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી

Date-21/05/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ઉંભેળનું મધમાખી ઉછેર કેન્દ્ર બન્યું આત્મનિર્ભરતાનું મોડેલ



બારડોલી- દર વર્ષે ૨૦ મે ના રોજ આધુનિક ઢબે મધમાખી ઉછેરના પ્રણેતા એન્ટોન જાન્સાની યાદમાં વિશ્વ મધમાખી દિવસ ઉજવાય છે. કામરેજના ઉંભેળ ગામના યુવકે વર્ષ ૨૦૧૧માં હરિયાણાની સફર દરમિયાન મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાતે જતાં તેમનું જીવન બદલાઈ ગયું. તેમણે ગુજરાતમાં આવી મધમાખી ઉછેર શરૂ કર્યો વિનોદભાઇ નકુમે ૨૫ બોક્સ મધઉત્પાદનથી શરૂ કરી હતી. ૨૦૧૯ના વર્ષમાં ત્રણ મિત્રોએ ભેગા મળીને કંપની શરૂ કરીને મધમાખી ઉછેરનો ૧૧૦૦ થી વધુ બોક્સે પહોચ્યો છે. વર્ષે દહાડે ૩૫ ટન મધનું ઉત્પાદન થાય છે. જેમાંથી અલગ અલગ ફ્લેવરનું મધ બનાવી માર્કેટ વેચાણ કરીએ છીએ. ઉંભેળના મધ ઉછેર કેન્દ્રથી વેચાણ કરી અમારી કંપનીને વાર્ષિક રૂ.૩૦ લાખની આવક થાય છે.

સરકારના વિવિધ વિભાગો સાથે મળી સખી મંડળની બહેનો અને ખેડુતોને તાલીમ આપું છું. જેનાથી મધમાખી ઉછેરમાં લોકોનો રસ વધે એવા પ્રયત્ન છે. મધમાખી જેવું નાનો જીવ માત્ર મધ તૈયાર કરતી નથી, પરંતુ કૃષિ ઉત્પાદનને મજબૂત બનાવતી, કુદરતી સંતુલન જાળવતી એક પ્રકૃતિની અજબ કડી છે. વિનોદભાઈએ નવસારી, તાપી અને સુરત જિલ્લાની ૧૮૦ સખીમંડળોની બહેનો અને નવથી વધુ જિલ્લાઓમાં ૧૫૦૦ ખેડૂતોને મધમાખી ઉછેરની તાલીમ આપી છે. ઋતુ પ્રમાણે અલગ અલગ ફ્લેવર્સનાં મધનું ઉત્પાદન જમીનમાં ઋતુ પ્રમાણે અલગ-અલગ પાકો લેવામાં આવે છે, જેમનો રસ લેતી મધમાખીઓ દ્વારા તે અનુસાર અલગ-અલગ ફ્લેવરનાં મધ બનાવી શકાય છે. જેમકે, અજમાં, વરિયાળી, તલ વગેરે. સામાન્યતઃ મધમાખીથી ભરેલી પેટી જમીન પર મૂકવામાં આવે છે. ઇટાલિયન મધમાખી દ્વારા અંદાજિત ૨૦ થી ૨૨ દિવસમાં મધ તૈયાર થઇ જાય છે. મધ તૈયાર થતા તેને ફિલ્ટર અને પેકિંગ કરવામાં આવે છે.

## ભારત ધર્મશાળા નથી જયાં દુનિયાભરના શરણાર્થી ઘૂસી જાય, આપણે ખુદ ૧૪૦ કરોડઃ સુપ્રીમ કોર્ટ

ભારત કોઈ ધર્મશાળા નથી જયાં દુનિયાભરના શરણાર્થી ઘૂસી આવે અને વસવાટ કરવાનું ચાલુ કરી દે. સુપ્રીમ કોર્ટે એક શ્રીલંકન તમિલની અરજીને ફગાવતા આ મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી.

જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે ભારતની પોતાની વસતી ૧૪૦ કરોડથી પણ વધુ છે. તો આવી સ્થિતિમાં શું ભારત દુનિયાભરના શરણાર્થીઓનું સ્વાગત કરી શકે? આ કોઈ ધર્મશાળા નથી જયાં દુનિયાભરથી આવતા શરણાર્થીઓનું અમે સ્વાગત કરીએ.

કોર્ટે આ ટિપ્પણી સાથે શ્રીલંકન તમિલ યુવકને કસ્ટડીમાં લેવા મામલે દખલથી ઈનકાર કરી દીધો. શ્રીલંકન તમિલ યુવકે સુપ્રીમ કોર્ટમાં આ મામલે અરજી કરી હતી જેમાં કોર્ટે દખલ કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો. જસ્ટિસ દીપાંકર દત્તાના નેતૃત્વ હેઠળની બેન્ચમાં જસ્ટિસ કે.વિનોદ ચંદ્રન પણ સામેલ હતા. શ્રીલંકન તમિલ યુવકે મદ્રાસ હાઈકોર્ટના એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો જેમાં કહેવાયું હતું કે ૭ વર્ષની સજા પૂર્ણ થયા બાદ તે દેશ છોડીને જતો રહે.



આ શ્રીલંકન તમિલ યુવકને યુએપીએના એક કેસમાં સાત વર્ષની સજા થઇ હતી પણ સજા પૂરી થઈ જવા છતાં તે ભારતમાં જ રહેવા માગતો હતો. તેના વકીલે કહ્યું હતું કે મારો અસીલ વિઝા લઈને ભારત આવ્યો હતો. જો તે હવે પાછો જશે તો તેનો જીવ જોખમમાં મૂકાશે. તેને કોઈ પણ પ્રકારની ડિપોર્ટેશનની પ્રક્રિયા વિના જ ત્રણ વર્ષ કસ્ટડીમાં રખાયો હતો. તેના પર જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે તમને શું ભારતમાં વસી જવાનો કોઇ અધિકાર ખરો? તેના પર વકીલે કહ્યું કે અરજદાર એક શરણાર્થી છે અને તેના બાળકો તથા પત્ની પહેલાથી ભારતમાં રહે છે. તેના પર જસ્ટિસ દત્તાએ કહ્યું કે અરજદારને ભારત છોડવાનો આદેશ આપવામાં કોઈ પણ રીતે કલમ ૨૧ નું ઉલ્લંઘન થયું નથી. આર્ટિકલ ૧૯ હેઠળ ફક્ત ભારતમાં ફક્ત ભારતીય નાગરિકોને જ રહેવાનો અધિકાર છે.

## મંત્રી પુત્રોએ ૩૩૯ ચેકડેમ બનાવ્યા વગર પૈસા 'વાળી' લીધા !

### દેવગઢબારિયા અને ધાનપુર તાલુકામાં મનરેગા ના કામોમાં ગોટાળા : કરોડો રૂપિયા ચૂકવાયા !



**દાહોદ -** દાહોદ જીલ્લામાં દેવગઢબારિયા અને ધાનપુર તાલુકામાં મનરેગાના બધાય કામો મંત્રીપુત્રોની એજન્સી શ્રી રાજ ટેડર્સ અને શ્રી રાજ કન્સ્ટ્રક્શન કંપનીને આપવામાં આવ્યાં હતાં. આ બંને એજન્સીઓએ પિતાના રાજકીય વગનો ઉપયોગ કરીને ધૂમ ભ્રષ્ટાચાર આચર્યો હતો. આ મુદ્દે મુખ્યમંત્રી સુધી લેખિત ફરિયાદ કરાઈ છે. એટલું જ નહી વિધાનસભામાં પણ મુદ્દો ઉછળ્યો હતો. આમ છતાંય સરકારના પેટનુંપાણી હાલ્યુ ન હતુ. આખરે તપાસના આદેશ અપાયા હતાં. કોંગ્રેસે કરેલી તપાસમાં એવા તારણો બહાર આવ્યાં કે, જે તે સ્થળે ગ્રામ વિકાસ એજન્સીના નામે મનરેગાના કામો થાય છે તેવા બોર્ડ લગાવી દીધા હતાં. દેવગઢ બારિયાના ત્રણ ગામોમાં તો આરસીસીના રોડ જ બન્યા ન હતાં તેમ છતાંય મંત્રી પુત્રની એજન્સીને નાણાં ચૂકવી દેવાયા હતાં. કાગળ પર ડામરના રસ્તા બન્યાં છે તેવુ દેખાડી દેવાયુ હતું. વાસ્તવમાં આજે પણ આ માર્ગો ઉખડખાબડ અવસ્થામાં છે.

કૂઆ-રેઢાણા ગામમાં ૩૩૯ ચેકડેમ બનાવાયાં ન હતાં તેમછતાંય બધુ કાગળ પર દર્શાવી બારોબાર પેમેન્ટ લઈ લેવાયુ હતું. આ વિસ્તારના સરપંચોને ય ખ્યાલ ન હતો કે, ગામમાં શું કામો થયાં. આ બધાય કામોના લાખો રૂપિયા ચૂકવી દેવાયાં હતાં. કુઆ ગામમાં ૧૭ કિમીના ૪૪ રસ્તા અને રેઢાણા ગામમાં ૧૩ કિમી રસ્તા મંજૂર કરાયા હતાં. આ માર્ગોની બે બે વાર મંજૂરી લેવાઇ હતી તે શંકાસ્પદ છે. ચેકડેમ, તળાવો, માટીમેટલના રસ્તા જ નહી, હેન્ડપંપ-પાણીના ભોર બનાવ્યાં વિના જ લાખો રૂપિયા ચૂકવી દેવાતાં આ આખોય મુદ્દો ચગ્યો હતો જેના પગલે સરકારને રહી રહીને તપાસના આદેશ આપવા પડ્યાં હતાં.

સ્થાનિકોનો આરોપ છેકે, વર્ષ ૨૦૧૯ થી માંડીને વર્ષ ૨૦૨૫ સુધી મંત્રીપુત્રો એક જ મોડસ ઓપરેન્ડીથી ભ્રષ્ટાચાર આચરતાં હતાં. એટલુ જ નહીં, સ્થાનિકોએ મુખ્યમંત્રીથી માંડીને ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી હોવા છતાંય કોઈ કાર્યવાહી થઈ ન હતી. મંત્રીની રાજકીય વગને આધારે મંત્રીપુત્રને અત્યાર સુધી ઉની આંચ આવી શકી નહી.

## નવસારી જિલ્લામાં એક જ દિવસમાં ૪ લોકો ગુમઃ૧૮ વર્ષીય વિદ્યાર્થિની, વૃદ્ધા અને માતા-પુત્રી સહિત ચારની શોધખોળ શરૂ




નવસારી- નવસારી જિલ્લામાં એક જ દિવસમાં ચાર વ્યક્તિઓના ગુમ થવાના કિસ્સા સામે આવ્યા છે. ત્રણ અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

નવસારીના ખડસૂપા ગામની ૧૮ વર્ષીય દિશા જગદીશ આહીર ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગઈ છે. તે નવસારી અગ્રવાલ કોલેજમાં ડિપ્લોમાનો અભ્યાસ કરે છે. આ અંગે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ગણદેવી વિસ્તારમાં ૬૫ વર્ષીય કાલાવતી શ્યામનારાયણ રામબોધ ગુમ થયા છે. તેમના પતિએ ઘરે આવીને જોયું તો ઘર તાળાબંધ હતું. આજુબાજુમાં તપાસ કરવા છતાં તેમનો પત્તો લાગ્યો નથી. કાલાવતી અસ્થિર મગજની હોવાથી પરિવારની ચિંતા વધી છે. વિજલપોર વિસ્તારમાંથી કલ્પના ગૌતમભાઈ રાઠોડ અને તેમની ૯ વર્ષીય પુત્રી પ્રીતિ રાઠોડ ગુમ થયા છે. કલ્પનાએ ૬ મેના રોજ બપોરે ૩ વાગ્યે પતિને ફોન કરી જણાવ્યું હતું કે તે માતાના ઘરે જાય છે. પરંતુ તે પિયર પણ પહોંચ્યા નથી.

પોલીસે ત્રણેય સ્થળોએથી ગુમ થયેલા ચારેય વ્યક્તિઓની શોધખોળ શરૂ કરી છે. નવસારી રૂરલ, ગણદેવી અને વિજલપોર પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાઈ છે.

### ચાઈલ્ડ લેબર જિલ્લા ટાસ્કફોર્સ કમિટીની બેઠક મળી

## બાળ મજુરી નાબુદી અભિયાન હેઠળ કયા પ્રકારના પગલાં લેવાયા અને કયા પ્રકારના આયોજન થશે તેને લઈ વિસ્તૃત ચર્ચા કરાઈ



સુરત- બાળ મજુરી નાબુદી અભિયાન હેઠળ સુરત ચાઈલ્ડ લેબર જિલ્લા ટાસ્કફોર્સ કમિટીની બેઠક નાયબ કલેક્ટર(પ્રોટોકોલ) જુહી પાંડેના અધ્યક્ષસ્થાને મળી હતી. બાળમજૂરી નાબૂદી માટે કયા પ્રકારના પગલાં લેવામાં આવી રહ્યા છે તેમ જ આગામી દિશામાં કયા પ્રકારના આયોજન થયા છે તેને લઇ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સુરત જેવા ઔદ્યોગિક શહેરની અંદર અલગ અલગ વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગ અથવા તો ટેક્સટાઇલ ઉદ્યોગ સહિતના અલગ અલગ ઔદ્યોગિક એકમોમાં બાળમજૂરીની ઘટનાઓ ભૂતકાળમાં પણ પ્રકાશમાં આવતી રહી છે. ખાસ કરીને સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગમાં લેસ લગાડવા સહિતની જે કામગીરી હોય છે તેમાં ગેરકાયદેસર રીતે બાળ મજૂરોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આજે બાળ મજુરી નાબૂદી અભિયાન અંતર્ગત મળેલી બેઠકમાં નાયબ શ્રમ આયુક્ત એચ.એસ.ગામીતે એપ્રિલ મહિના દરમિયાન ૨ રેડ કરી હોવાની વિગતો આપી હતી. જેમાં મહુવાની પેપર ટ્યુબમાં રેડ કરીને ૨ તરૂણોને મુક્ત કરાવ્યા હતા. જયારે આંજણા ભાઠેના ખાતેની પ્લાસ્ટીક બેગ અને પેકેજિંગ બનાવતી ફેક્ટરીમાં રેડ કરીને ૧૩ બાળમજુરોને મુક્ત કરાવ્યા હતા. જે પૈકી ૫ બાળ, ૫ તરૂણ તથા ૩ પુખ્ત હોવાનું જણાવ્યું હતું. આમ જે તે સંસ્થા સામે એફ.આઈ.આર. સહિતની કામગીરીની વિગતો આપી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા રેસ્ક્યૂ કરી ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા પુનઃવસન કરવામાં આવ્યું છે. સમયાંતરે બાતમી તથા અન્ય સોર્સના આધારે રેડની કાર્યવાહી કરવામાં આવતી હોવાની વિગતો તેમણે આપી હતી. બેઠકમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સભ્ય, શિક્ષણ, પોલીસ વિભાગના પ્રતિનિધિઓ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

નાના નાના બાળકોને પણ બોક્સ પેકેજીંગ માટે સાડી અને ડ્રેસ મટીરીયલ ઉપર ટિકલી ચોટાડવા માટે અથવા તો લેસ લગાડવા માટેની કામગીરી કરવામાં આવતી હોય છે. અલગ અલગ બોક્સ તૈયાર કરીને પેકેજીંગની કામગીરીમાં વધારે વજન ઉચકવાનું હોતું નથી. તેવા જે કામ હોય છે તેમાં બાળકોને જોડી દેવામાં આવતા હોય છે. ખાસ કરીને અન્ય રાજયમાંથી આવા ગરીબ બાળકોને ઓછી મજૂરી આપવાની લાલચે લોકો લઈ આવતા હોય છે.

## વ્યારા RTO માં દલાલોના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો




વ્યારા -વ્યારા ખાતે આવેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીમાં હવે અનઅધિકૃત દલાલોનો પ્રવેશ બંધ રહેશે. જાહેર જનતાને ગેરમાર્ગે દોરતા, લલચાવતા કે વચેટીયા તરીકે કામ કરાવનારા લોકો સામે કાર્યવાહી કરવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.આર. બોરડે જાહેરનામું બહાર પાડ્યું .

આ જાહેરનામું ૧૭ જુલાઈ ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. કચેરીમાં રોજબરોજ મોટી સંખ્યામાં લોકો પોતાના કામ માટે આવે છે. આવા સમયે કેટલાક અનધિકૃત લોકો અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવાનો પ્રયાસ કરે છે. આવા દલાલો હવે કચેરીમાં પ્રવેશી શકશે નહીં. અને જો કાઈ જાહેરનામાનો ભંગ કાયદેસરની કાર્યવાહી થશે.

## કામરેજના પરબ ગામમાં ઓરિસ્સાના કામદારનું મોતઃ૪૨ વર્ષીય સંતોષ પ્રધાનને તાવ આવ્યા બાદ ટૂંકી માંદગીમાં અવસાન, પોલીસે તપાસ શરૂ કરી




કામરેજ- કામરેજના પરબ ગામમાં એક પરપ્રાંતીય કામદારનું તાવ અને ટૂંકી માંદગી બાદ મૃત્યુ થયું છે. મૃતક સંતોષ નિરંજન પ્રધાન (ઉંમર ૪૨) મૂળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાના કલેજાતલ તોતાસહી ગામના વતની હતા. તેઓ પરબ ગામની એક કંપનીમાં કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

છેલ્લા કેટલાક દિવસોથી સંતોષને તાવ આવતો હતો અને તેઓ બીમાર હતા. તેમની તબિયત વધુ લથડતા ટૂંકી માંદગી બાદ તેમનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ કામરેજ પોલીસને કરવામાં આવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે.

અન્ય ઘટનાની વાત કરીએ તો નનસાડ શિવ વાટીકા ઘર નંબર ૧૩૫ ખાતે રહેતા ૪૯ વર્ષીય રાજેશભાઈ ભીમજીભાઈ ધંધુકિયા હીરામાં નોકરી કરતા હતા. શુક્રવારે સાજના સાત વાગ્યા આસપાસ તેમને છાતીમાં દુઃખાવા સહીત બેભાન થઈ ગયા હતા. ઘટનાને પગલે જાણ કરતા સ્થળ પર આવેલી ૧૦૮ મારફતે મિત્ર અમરસીભાઈ તેમને સારવાર અર્થે કામરેજ સરકારી દવાખાને લઇ ગયા હતા. જયાં ફરજ પરના ડોક્ટરે તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. પિતાના મોતને પગલે પુત્ર મયુરે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.




## વહેલી સવારે જ ૩૧ ડિગ્રી તાપમાન, બપોર સુધીમાં ૪૦ ડિગ્રી સુધી પહોચવાની શક્યતા; ભેજનું પ્રમાણ ૪૭-૭૦ ટકા



ગાંધીનગર- ગાંધીનગર શહેરમાં આજે સવારે ગરમીનો પારો ૩૧ ડિગ્રી નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બપોર સુધીમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ભેજનું પ્રમાણ ૪૭થી ૭૦ ટકા રહેવાની આગાહી છે. ગઈકાલે રવિવારે મહત્તમ તાપમાન ૩૮.૭ ડિગ્રી નોંધાયું હતું. શનિવારે લઘુતમ તાપમાન ૨૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૮.૫ ડિગ્રી રહ્યું હતું.

મે મહિનામાં માવઠાની અસર હેઠળ કમોસમી વરસાદ બાદ હવામાનમાં પરિવર્તન આવ્યું છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી દિવસ અને રાત્રિના તાપમાનમાં વધારો નોંધાયો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં તાપમાનમાં વધઘટ થવાની આગાહી કરી છે. ગરમીનું પ્રમાણ યથાવત રહેશે. ઉકળાટભર્યા વાતાવરણને કારણે નગરજનો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

# કિશોરોમાં વધતી ઘાતક નિષ્ક્રિયતા

ફિઝિકલ એક્ટિવિટીને -ોત્સાહન આપવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ) એ એક નવી ગ્લોબલ યોજનામોર એક્ટિવ પીપલ ફોર ધ હેલ્ધિઅર વર્લ્ડ લોંચ કરી છે. એનો ઉદ્દેશ્ય એ છે કે ૨૦30 સુધીમાં વિભિન્ન આયુ વર્ગમાં જેમાં હાલ અપર્યાપ્ત ફિઝિકલ એક્ટિવિટીની સમસ્યા છે, એમાં ૧૫ ટકા ઘટાડો થાય. આ યોજના શરૂ કરવાની આવશ્યક્તા એટલા માટે પડી કારણ કે ડબલ્યુએચઓના નેતૃત્વમાં કરવામાં આવેલા એક તાજા અભ્યાસમાં ચિંતાજનક તથ્ય -કાશમાં આવ્યું છે કે ૨૦૧૬ માં ગ્લોબલી ૮૧ ટકા કિશોર અપર્યાપ્ત ફિઝિકલી સક્રિય હતા. જોકે, છોકરીઓની સરખામણીમાં છોકરાઓ વધુ સક્રિય છે, પરંતુ બંનેની નિષ્ક્રિયતાની ટકાવારી ઘણી વધારે અને ચિંતાજનક છે. ૭૭.૬ ટકા છોકરાઓ અસક્રિય છે અને આ સંદર્ભમાં છોકરીઓની અસક્રિયતાની ટકાવારી ૮૪.૭ ટકા છે. આ સર્વે ૧૪૬ દેશોમાં ૧૧થી ૧૭ વર્ષના ૧૬ લાખ કિશોર છાત્રો પર કરવામાં આવ્યો હતો.

જયાં સુધી ભારતનો સવાલ છે તો દર ચારમાંથી ત્રણ કિશોર પર્યાપ્તરૂપે સક્રિય નથી. કહેવાનો મતલબ એ છે કે તેઓ રોજના કમસે કમ એક કલાક શારીરિકરૂપે સક્રિય નથી. જયારે કે સ્વસ્થ રહેવા માટેની આ ન્યૂનતમ આવશ્યકતા છે. હકીકતના આઇનામાં જોઇએ તો ભારતમાં ૭૩.૯ ટકા કિશોરો અપર્યાપ્તરૂપે ફિઝિકલી સક્રિય છે. ડબલ્યુએચઓના કહેવા અનુસાર શારીરિકરૂપે પર્યાપ્તરૂપે ફિઝિકલી સક્રિય ન હોવાને કારણે સ્થૂળતા, હૃદયરોગ, ડાયાબિટીઝ, ડિ-ેશન સહિત અન્ય માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની આશંકા વધી જાય છે. દુનિયામાં શારીરિકરૂપે સૌથી ઓછા સક્રિય કિશોર બાંગલાદેશ (૬૬.૧ ટકા)ના છે. એ પછી આયરલેંડ (૭૧.૮ ટકા), અમેરિકા (૭૨ ટકા)ના કિશોરો આવે છે. જયાં સુધી સૌથી વધુ સક્રિય કિશોરોની વાત છે તો દક્ષિણ કોરિયા (૯૪.૨ ટકા), ફિલિપાઇન્સ (૯૩.૪ ટકા), કંબોડિયા (૯૧.૬ ટકા)ના છે. આ અભ્યાસમાં કોઇ દેશની આર્થિક સ્થિતિના હિસાબમાં ફિઝિકલ એક્ટિવિટીની કોઇ સ્પષ્ટ પેટર્ન સામે નહોતી આવી. ઓછી આવકવાળા દેશોમાં ૮૪.૯ ટકા અપર્યાપ્તરૂપે ફિઝિકલ એક્ટિવિટીના શિકાર છે, જયારે લોઅર મિડલ ઇન્કમ દેશોમાં આ ટકાવારી ૭૯.૩, અપર મિડલ ઇન્કમવાળા દેશોમાં ૮૩.૯ ટકા અને હાઇ-ઇન્કમ દેશોમાં ૭૯.૪ ટકા છે. જોકે, આ અભ્યાસથી કેટલાક આંકડા સામે આવે છે અને કેટલાક તથ્યોની પુષ્ટિ થઇ જાય છે. જોકે, એના વિના પણ એ સર્વવિદિત છે કે કિશોરોમાં ઇન્ટરનેટ, મોબાઇલ, ટીવી અને અન્ય ઉપકરણોને કારણે ફિઝિકલ એક્ટિવિટીમાં રુચિ ઓછી થવા માંડી છે.

દરેક જણ પોતાના સ્માર્ટફોનથી જ વળગીને રહેવા માગે છે. ભારતમાં કરવામાં આવેલા અનેક અભ્યાસના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે -ાઇવેટ સ્કૂલની સરખામણીમાં સરકારી સ્કૂલોમાં સ્થુળતાનું સ્તર ઓછું છે. ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ)ના સ્લીપ એપનિયા એટલે કે સ્થુળતા સંબંધિત સ્લીપ ડિસઓર્ડર એટલે કે યોગ્ય ઊંઘ ના આવવી એનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ અંતર્ગત એઇમ્સે દિલ્હીના છાત્રોની સ્થુળતા, ડાયાબિટીઝ, હૃદયરોગના ખતરા જેમ કે કોલેસ્ટ્રોલ અને બ્લડ -ેશર માટે તપાસ કરવામાં આવી અને તેમાં જાણવા મળ્યું કે દરેક -ાઇવેટ સ્કૂલોમાં સ્થુળતાનો દર ઘણો વધારે છે, જયાં બાળકો સંપન્ન પરિવારમાંથી આવે છે. ડેટાના વિશ્લેષણમાં જાણવા મળે છે કે આ બાળકો સ્ક્રીન (સ્માર્ટફોન, ટેબ્લેટ, ગેમિંગ કંસોલ, લેપટોપ અને ટીવી) પર વધારે સમય પસાર કરે છે, ફિઝિકલ એક્ટિવિટીમાંઓછા સામેલ થાય છે, જંક ફૂડનું સેવન પણ વધારે કરે છે. જયારે બીજી બાજુ સરકારી સ્કૂલોમાં બાળકો પાસે પૈસા અને સંસાધનોનો અભાવ હોવાથી તેઓ આ બધી ચીજો ઓછી મેળવી શકે છે. એટલે તેમને રમતગમત માટે વધારે સમય મળે છે. જેને કારણે તેમનામાં સ્થુળતાની સમસ્યા સરખામણીએ ઓછી જોવા મળે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# કોગ્રેસ દ્વારા રચનાત્મક વિરોધની રણનીતિ હીરા ઉદ્યોગોમાં આપઘાતના વધતા પ્રમાણને અટકાવવા રત્ન કલાકાર કલ્યાણ બોર્ડની સ્થાપનાની માગ

**સુરત-** સુરત શહેરની અંદર હીરા ઉદ્યોગની સ્થિતિ છેલ્લા ઘણા સમયથી ખૂબ જ ખરાબ ચાલી રહી છે. ખાસ કરીને મંદીના માહોલ વચ્ચે સરકાર દ્વારા કમિટી બનાવવામાં આવી છે અને રત્નકલાકારોને ઝડપથી તેનો લાભ આપવામાં આવે તે માટેની ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે. જોકે, હજી સુધી રાજય સરકાર દ્વારા કોઈ મોટી જાહેરાત કરવામાં આવી નથી, તેને લઈને કોગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ સંબોધીને સરકારને જગાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

હીરા ઉદ્યોગ સાથે લાખોની સંખ્યામાં લોકો રોજગારી મેળવી રહ્યા છે. મંદીના કારણે હીરા ઉદ્યોગની અંદર હાલ લોકો ઉપર આર્થિક મુશ્કેલી વધી રહી છે. ખાસ કરીને રત્ન કલાકારોને હવે ફેક્ટરીમાં પૂરું કામ મળી રહ્યું નથી ઓછા કલાકનું કામ મળતું હોવાને કારણે તેમને પગાર પણ પૂરો મળતો નથી. જેને કારણે તેમના ઘરના ખર્ચા ચલાવવા ખૂબ જ મુશ્કેલ થઈ રહ્યું છે.



છેલ્લા બે વર્ષમાં રત્ન કલાકારો દ્વારા આપઘાત કરવામાં આવ્યા હોવાના મુદ્દાને લઈને ડાયમંડ વર્કર યુનિયન દ્વારા પણ રાજય સરકાર સુધી આ મુદ્દાઓને પહોંચાડવામાં આવ્યા હતા પરંતુ, જિલ્લા કલેક્ટર દ્વારા ડાયમંડ વર્કર યુનિયન તેમજ ડાયમંડ ઉદ્યોગ સાથે જોડાયેલા અલગ-અલગ સંસ્થા અને એસોસિએશન સાથે ચર્ચા-વિચારણા કરી છે પરંતુ, હજી સુધી કોઈ નક્કર પગલાં લેવાયા નથી, જેને લઈને સૌ કોઈ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે. કોગ્રેસ નેતા દર્શન નાયકે જણાવ્યું કે, રત્નકલાકારની સ્થિતિ આજે ખૂબ જ દયનીય થઈ ગઈ છે. આજે હીરા ઉદ્યોગ મંદીના માહોલમાં છે ત્યારે સરકાર દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી રહી નથી.

અત્યાર સુધીમાં રત્ન કલાકાર કલ્યાણ બોર્ડથી લઈને અન્ય કોઈ મોટી જાહેરાત કરવામાં આવી રહી નથી. બાળકોને શિષ્યવૃત્તિઓ આપવામાં આવે, રત્નકલાકારોના પરિવારને આરોગ્યલક્ષી સેવાઓ રાહત દરે મળે તે પ્રકારની યોજનાઓ તાત્કાલિક અસરથી લાગૂ કરવી જરૂરી છે પરંતુ, હજી સુધી કોઈ મહત્વની જાહેરાત ન કરવાને કારણે અમે આ સરકારને પાછા જગાડવા માટેનો પ્રયાસ કરી રહ્યા છીએ.

# અમદાવાદના યુવકે બેંકે ફ્રીઝ કરેલી રકમ છોડાવવા સાયબર પોલીસનું જ ઈ-મેઈલ આઈડી હેક કર્યું, કઈ રીતે ભાંડો ફૂટ્યો

જૂનાગઢ રેન્જ સાયબર પોલીસનુંજ ઈ-મેઈલ આઈડી હેક કરી ફ્રીઝ કરેલી રકમ અનફ્રીઝ કરાવવા માટે બેંકને મેઈલ કરવામાં આવ્યા હતા પરંતુ, સબજેક્ટ બ્લેન્ક હોવાના લીધે બેંકમાંથી સાયબર પોલીસને મેઈલ આવતાં સમગ્ર કારસ્તાનનો ભાંડો ફૂટ્યો હતો. આ મેઈલ કરનાર અમદાવાદ આઈટી નિષ્ણાંત અને પોલીસના જ મદદગાર એવા શખસની રેન્જ સાયબર પોલીસે પકડી લઈ પૂછપરછ કરતા તેણે બેંક એકાઉન્ટમાં ફ્રીઝ થયેલી રકમ અનફ્રીઝ કરાવવા મેઈલ કર્યાની કબૂલાત આપી હતી. હજુ આ કારસ્તાનમાં કોણ-કોણ સામેલ છે તે અંગે વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

આ અંગેની વધુ વિગત મુજબ જૂનાગઢ સાયબર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.એ.જોષી, વી.એમ.જોટાણીયા સહિતનો સ્ટાફ ગત ત્રીજી મેના ફરજ પર હતા ત્યારે સાયબર ક્રાઈમના સરકારી ઈ-મેઈલ આઈડી પર આઈ.સી.આઈ.સી.આઈ બેંક તરફથી ફોરવર્ડ કરેલો મેઈલ આવ્યો હતો. જેમાં જી.બી. સિસોદીયા, પી.એસ.આઈ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન જૂનાગઢનો મેઈલ આવ્યો હતો. સ્ટાફની પૂછપરછ દરમિયાન આવો કોઈ મેઈલ કોઈએ કર્યો ન હોવાનું જાણવા મળ્યું હતું. ટેક્નિકલ તપાસ કરતા બેંકમાંથી આવેલા મેઈલમાં એકાઉન્ટ નંબર અને ખાતા ધારકનુંનામ બાલાજી ઈ-કોમર્સ દર્શાવ્યુંહતું, જેમાં ફ્રોડની રકમ ૨૦.૪૪ લાખ અનમોલ ઈ-કાર્ડ્સ એન્ડ યુટીલિટી સર્વિસમાં જમા કરવા જણાવ્યું હતું.

# ૨૫૦ સ્કૂલનો ૧૫ ટકા ફી વધારો પેન્ડિંગઃએફઆરસીએ ૧૫૦૮ સ્કૂલોની30 હજાર સુધીની ફી મંજૂર કરી

સુરત- નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ફી રેગ્યુલેશન કમિટીએ એફિડેવિટ કરનારી ૧,૫૦૮ સ્કૂલો માટે ફી નક્કી કરી છે. જેમની ફી રૂ. ૧૫,૦૦૦થી 30,000 વચ્ચે નક્કી થઈ છે. પરંતુ સુરતની ૨૫૦ ખાનગી સ્કૂલો કે જેઓ ૪૦ હજારથી ૨.૫૦ લાખ સુધી ફી વસૂલતા હતા. તેમણે ફીમાં ૧૫% વધારો કરવાની મંજુરીની અરજી કરી છે. આ પ્રસ્તાવ પર હજી સુધી કોઇ અંતિમ નિર્ણય નથી લેવાયો. કમિટીનું કહેવું છે કે આ મામલે ફાઇલો તપાસી રહ્યા છે. જેથી તાત્કાલિક નિર્ણય લેવાયો નથી. જૂન મહિના સુધી રાહ જોવી પડશે.

કમિટીના સભ્યએ જણાવ્યું છે કે ફી વધારાની મંજૂરી આપતી વખતે સ્કૂલની શૈક્ષણિક સુવિધા, સ્ટાફ સંખ્યા તેમજ વિદ્યાર્થી ઓની સંખ્યાને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લેવામાં આવશે. જે પછી ઓર્ડર ઇશ્યુ કરાશે.વાલી મંડળનું કહેવું છે કે અમે અમારા બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવા ઇચ્છીએ છીએ, પણ સતત




વધતી ફીથી આજે સામાન્ય પરિવારો માટે શિક્ષણ મુશ્કેલ બની ગયું છે. આ ફી વધારાને હવે રોકવો જ પડશે.આમ, નાની અને મધ્યમ ફીવાળી સ્કૂલોમાં રાહત મળે તેવી શક્યતા છે, પણ મોટી પ્રતિષ્ઠિત હાઈ ફી સ્કૂલોના વધારા માટે હજુ અનિશ્ચિતતા છે.

# પલસાણા અને કડોદરામાં હાહાકાર મચાવનારા ચીકના પાંડેની ધરપકડ



બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા વિસ્તારમાંથી સુરત જિલ્લા એલસીબી પોલીસ દ્વારા શહેર અને જિલ્લામાં બે નંબરના ધંધા ઉપર હુમલો કરી લૂંટ ચલાવનાર ખુંખાર આરોપી આશીષ ઉર્ફે ચીકનો પાંડેની ધરપકડ કરી છે.

આઅંગે મળથી માહિતી અનુસાર સુરત શહેરમાં ગુડસીટો હેઠળ ધરપકડ કરાયેલા અને ત્યારબાદ જામીન ઉપર છુટીને મોપેડ પર ટોળકી બનાવી જિલ્લામાં બે નંબરના ધંધો કરતાં બુટલેગરો અને અન્ય પીઠા ઉપર મોડી રાત્રે હુમલો કરી લૂંટ કરી હાહાકાર મચાવનાર આશીષ ચીકનો ઉર્ફે ઉમાશંકર પાંડે (૩૬) (રહે. સાંઈ કુટીર સોસાયટી બગુમરા આ ઉપરાંત અમરોલી કોસાડ આવાસ સુરત શહેર, મૂળ રહે. માહોલ પ્રયાગરાજ ઉત્તરપ્રદેશ) નાઓની કડોદરા ચાર રસ્તા વિસ્તારમાંથી સુરત જિલ્લા એલસીબી પોલીસે ધરપકડ કરી હતી.

આશીષ ચીકનાએ ૧૬-૧૦-૨૦૧૦ ના રોજ વરેલીમાંથી ખેતેશ્વર કોમ્પલેક્સ નજીક એક ઈસમ પર તલવારથી હુમલો કરી તેના સાગરીત સાથે ૨૧૨૦૦ ની લૂંટ ચલાવી હતી. આ ગુનામાં આરોપીનો કબજો કડોદરા પોલીસને સુપ્રત કર્યો હતો. આશીષ ચીકનાએ દિવાળી દરમિયાન પલસાણા કડોદરા તેમજ તાંતીથૈયા વિસ્તારમાં બે નંબરના ધંધા ઉપર હુમલો કરી હાહાકાર મચાવી હતી. ત્યારથી પોલીસ તેની પાછળ હતી. જામીન ઉપર છૂટ્યા બાદ સુરત શહેરમાં પણ ગુના આચાર્યા હતાં. પોલીસે તેમને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હોવાનું જાણવા મળેલ છે.

# તાપી જિલ્લાનાં રેશનકાર્ડ ધારકોને મે અને જૂન માસનો અનાજનો જથ્થો વિતરણ કરવામાં આવશે

**તાપી-**જાહેર વિતરણ વ્યવસ્થા યોજનામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો એમ બે પ્રકારના કુટુંબોને સરકારશ્રી દ્વારા સસ્તા અનાજની દુકાન ખાતેથી સસ્તા અનાજનું વિતરણ કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા મે-૨૦૨૫ માસમાં મે માસના ઘઉં, ચોખા, ખાંડ અને મીઠાનો તથા જૂન માસના ઘઉં અને ચોખાનું વિતરણ કરવા સુચના આપેલ છે જેનું વિતરણ ૩૧-મે ૨૦૨૫ સુધી કરવામાં આવનાર છે.



જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા જિલ્લાના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને સસ્તા અનાજની વાજબી ભાવની દુકાન ખાતેથી મે-૨૫ માસમાં મે અને જૂન માસનો અનાજનો જથ્થો સમયસર મેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે. જે એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી બાકીમાં છે તે રેશનકાર્ડ ધારકો ઈ-કેવાયસી કરાવતા સંલગ્ન મામલતદાર કચેરીના નાયબ મામલતદાર પુરવઠાશ્રી તથા ઝોનલ કચેરીના ઝોનલ ઓફિસરશ્રી દ્વારા એપ્રૂવ આપ્યાના ચોવીસ (૨૪) કલાક બાદ સસ્તા અનાજની દુકાન ખાતેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકશે. મે અને જુન માસના વિતરણ માટે દરેક કાર્ડ ધારકે ૩વખત આધાર આધારિત ઓથેન્ટિફિકેશન કરવાનું રહેશે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, તાપીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

રો-હાઉસ વેચવાનું છે....!!

3-BHK રો-હાઉસ

સરનામું-નેચર વિલા, ધામળોદ રોડ, બારડોલી ખાતે આવેલ રો-હાઉસ વેચવાનું છે

સંપર્ક

રૂબરૂ મુલાકાત કરો-૩૨, ક્રિષ્ણા નગર, બારડોલી

Mo-96388 64515 બળવંતભાઈ રાવલ
Mo-95372 34143 મયુરભાઈ રાવલ

Date-21/05/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# દારૂ હોમ ડિલિવરી મળે છે, પણ રૂપિયા દેવા છતાં ખાતર મળતું નથી !! : ગોપાલ ઇટાલીયા



**વિસાવદર -** વિસાવદર તાલુકામાં ખેડૂતોને સમયસર અને પુરતું ખાતર મળતું નથી. ત્યારે આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયાએ વિસાવદર પુરવઠા અધિકારી - મામલતદારને આવેદન આપી વિસ્તૃત રજૂઆત કરી છે. તેમણે ખેડૂતોને સમયસર અને પૂરતું ખાતર મળે તેવી વ્યવસ્થા કરવા, આધારકાર્ડ માગી ખોટી હેરાનગતિ ન કરવા, ખાતર સાથે ફરજિયાત નેનો યુરીયા, ડીએપી લિક્વિડની બોટલ ન પધરાવવા રજૂઆત કરી છે. વિસાવદરના પુરવઠા અધિકારી અને મામલતદારને રજૂઆત કરતાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલિયાએ ઈટાલીયાએ જણાવ્યું છે કે, વાવેતરના સમયે જ ખેડૂતોને ખાતરની જરૂરિયાત હોય છે. ત્યારે આવા સમયે પૂરતું અને સમયસર ખાતર મળતું નથી. ખાતરના વિતરણ કરવાની વ્યવસ્થા ખરીદ વેચાણ સંઘ, મંડળીઓ અને એગ્રો એજન્સીએ કરવાની ન મળે તો કરવાનું શું ? ગોપાલ ઈટાલીયાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રતિબંધ હોવા છતાં દારૂ હોમ ડિલિવરી મળે છે અને પ્રતિબંધિત ન હોવા છતાં રૂપિયા દેવા છતાંય ખાતર મળતું નથી !! પેટ્રોલ ડીઝલ વગેરે જોઈએ તેટલું મળ પરંતુ ખાતર જ ઓછું શા માટે આપવામાં આવે છે? પેટ્રોલ ડીઝલની જેમ ખાતરનો પણ પુરવઠો પૂરતો રાખો. બીજું ખેડૂતોને આધારકાર્ડના નામે હેરાન કરવામાં આવે છે. ખેતરે કામ કરતા હોય અને ખાતર પટે તો શું ખેડૂતોએ ખેતરે આપાર કાર્ડ લઈને નીકળવાનું ? માટે આધાર કાર્ડના નામે ખેડૂતોની થતી હેરાનગતિ બંધ કરવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત યુરિયા ખાતરની સાથે નેનોની બોટલ ફરજિયાત પધરાવવામાં આવે છે. એટલે કે યુરિયા અને ડીએપીમાં નેનો લિક્વિડની ૧૦૬૦૦ ની બોટલ ફરજિયાત ખેડૂતોને ખેડૂતોને પધરાવવામાં આવે છે તો આવી જબરજસ્તી.

### ખાતરને અને આધાર કાર્ડ ને શું સંબંધ છે ?

કોઈ પ્રતિબંધિત વસ્તુ જેમકે બંદૂક જેવું હથિયાર, એક્સપ્લોઝીવ પદાર્થો હોય અને તે લેવું હોય તો આપાર કાર્ડ જરૂરી છે. વળી ખાતર લેવા આવનાર ખેડૂત ગામનો જ હોય કોઈ બાંગ્લાદેશનો તો ન હોય ? ગામમાં મંડળી ચલાવતા લોકોને ખબર જ હોય કે આ ગામનો ખેડૂત જ છે. તો પછી આધાર કાર્ડની શી જરૂર છે ? આ આધાર કાર્ડના નામે કોઈ લોન લઈ લેશે અને ગરબડ થશે તો ? જવાબદાર કોણ ? - ગોપાલ ઈટાલીયા.

### સંબંધ કરતા એટલે કોણ ?

જયારે પુરવઠા અધિકારીને ખાતરનો પુરતો અને સમય જથ્થો ફાળવવા અંગે રજૂઆત કરી ત્યારે પુરવઠા અધિકારી જણાવ્યું હતું કે કે સંબંધ કરતા ઓને જાણ કરવામાં આવશે. ત્યારે ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે સંબંપ કરતા એટલે કોણ ? કુત્રિમ અછત ઊભી કરી કાળા બજારી કરવામાં આવે છે. કેટલો પુરવઠો છે તે આપને ખબર ન હોય ?

# માવઠાથી ખેડૂતોની મુશ્કેલી વધીઃકીમ-ઓલપાડ સ્ટેટ હાઈવે પર ડાંગર સૂકવવા મજબૂર; રાત્રે પણ રખેવાળી કરી રહ્યા છે ખેડૂતો



**ખેડૂતો હવે પલળી ગયેલી ડાંગર બચાવવા માટે રસ્તા પર આવી ગયા છે. ઓલપાડ-કીમ સ્ટેટ હાઈવે પર કીમ નજીક ખેડૂતો રાત્રે પણ કામ કરતા જોવા મળી રહ્યા છે.**

**બારડોલી-** સુરત જિલ્લામાં ૧૦ દિવસ પહેલા થયેલા માવઠાએ ખેડૂતોની સ્થિતિ કફોડી બનાવી દીધી છે. જિલ્લામાં મોટી સંખ્યામાં ખેડૂતો ડાંગરની ખેતી કરે છે. માવઠાના કારણે તેમની આખા વર્ષની મહેનત પર પાણી ફરી વળ્યું છે. ખેડૂતો હવે પલળી ગયેલી ડાંગર બચાવવા માટે રસ્તા પર આવી ગયા છે. ઓલપાડ-કીમ સ્ટેટ હાઈવે પર કીમ નજીક ખેડૂતો રાત્રે પણ કામ કરતા જોવા મળી રહ્યા છે. તેઓ વાહનોની અવરજવર વચ્ચે પણ પોતાનો પાક બચાવવા મજબૂર બન્યા છે. ખેડૂતો પોતાની ડાંગર રસ્તા પર સૂકવી રહ્યા છે. રાત્રે પણ તેઓ તૈયાર થયેલી ડાંગર કોઈ ચોરી ન જાય તે માટે રખેવાળી કરી રહ્યા છે. સંપૂર્ણ રીતે સુકાયેલો પાક કોથળામાં ભરીને ઘરે લઈ જઈ રહ્યા છે.

ખેડૂતો તરફથી સરકાર પાસે ઝડપી આર્થિક સહાયની માંગ કરવામાં આવી રહી છે. ખેડૂત જીતેન્દ્રસિંહ વરાસિયા અને હિતેશ ભેરથાણીયાએ પણ આ મુશ્કેલ પરિસ્થિતિની પુષ્ટિ કરી છે. બોલાવ ગામના ખેડૂત જીતેન્દ્ર ભાઈ એ જણાવ્યું હતું કે થોડા દિવસ પહેલા ભારે પવન સાથે માવઠું થયું હતું. માવઠું તો ચાલ્યું ગયું પણ અમે કામે લાગી ગયા છે.છેલ્લા ૧૦ દિવસથી ડાંગર સૂકવવા રાત દિવસ કામગીરી કરી રહ્યા છીએ. ગામમાં જગ્યા નથી,ખેતરમાં ભેજ છે. જેથી સ્ટેટ હાઈવે પર આવ્યા છીએ. એક બાજુ વાહનો પસાર થાય અને લગોલગ ડાંગર સૂકવવા કામ કરીએ. ખૂબ મોટું નુકશાન ખેડૂતોને થયું છે. સરકાર સહાય કરે એ જરૂરી છે.

# વ્યારામાં તિરંગા યાત્રાઃ ઝંડા ચોકથી સયાજી ગ્રાઉન્ડ સુધી વિવિધ સંગઠનો અને નાગરિકોએ લીધો ભાગ



**તાપી-**વ્યારા નગરમાં કર્તવ્ય વીર જવાન ચેરિટેબલ ટ્રસ્ટ તાપી દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા ઝંડા ચોકથી શરૂ થઈને સયાજી ગ્રાઉન્ડ સુધી નીકળી હતી. યાત્રામાં રિટાયર્ડ જવાનો અને સ્થાનિક સમિતિના નેતૃત્વમાં વિવિધ વર્ગના લોકોએ ભાગ લીધો હતો. તેમાં વિવિધ એનજીઓ, વનવિભાગના જવાનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો, તબીબો, બિલ્ડરો અને વેપારીઓ સામેલ થયા હતા.

યાત્રા સુરતી બજાર, સુરતી લોજ મેઈન બજાર અને જુના બસ સ્ટેન્ડ થઈને સયાજી ગ્રાઉન્ડ સુધી પહોંચી હતી. રાષ્ટ્રગાન સાથે યાત્રાનું સમાપન થયું હતું. પોલીસે યાત્રા દરમિયાન સુરક્ષાની વ્યવસ્થા ગોઠવી હતી. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે. ભાજપના નેતાઓએ આ યાત્રાને રાજકીય રંગ આપવાનો પ્રયાસ કર્યો હતો. આ બાબતે વ્યારા નગરના નાગરિકોમાં નારાજગી જોવા મળી હતી.

**યાત્રામાં રિટાયર્ડ જવાનો અને સ્થાનિક સમિતિના નેતૃત્વમાં વિવિધ વર્ગના લોકોએ ભાગ લીધો હતો. તેમાં વિવિધ એનજીઓ, વનવિભાગના જવાનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો, તબીબો, બિલ્ડરો અને વેપારીઓ સામેલ થયા**

# વાવ જતાં રોડ પર કારમાં ચોરખાનું બનાવી દારૂની ખેપ મારતા 3 ઝડપાયા



**કારમાં બનાવેલા ચોરખાનામાંથી ૨.૮૯ લાખની ૩૪૯ નંગ વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી**

આંબોલી- એલસીબી પોલીસે ને.હા નંબર ૪૮ પરના વાવ નજીકથી ટાટા હેક્સા કારમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનું વહન કરતા 3 ખેપિયાને ઝડપી પાડ્યા હતા. પોલીસ સ્ટાફને મળેલી બાતમી આધારે કામરેજના જોખાથી વાવ તરફ જતા રોડ પર નાકાબંધી ગોઠવી હતી. સમયાંતરે આવેલી બાતમી વાળી ટાટા હેક્સા ફોર વ્હીલ ને અટકાવી તેમાં તપાસ હાથ ધરી હતી.

કારમાં બનાવેલા ચોરખાનામાંથી ૨.૮૯ લાખની ૩૪૯ નંગ વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી. ફોર વ્હીલ ચાલક અને સાવલિયા સર્કલ હરીવીલા સોસાયટી ઘર નંબર ડી/૧૦૧ ખાતે રહેતા રાજેશ અરવિંદભાઈ સુહાગીયા, તેમજ તેમાં સવાર રાકેશ ઝવેરભાઈ સુહાગીયા, રહે. ઘર નંબર ૪૦ કસ્તુરબા સોસાયટી વરાછા સુરત, મહેશ ધીરુભાઈ દુધાત રહે ઘર નંબર ૨૪ સરિતા સાગર સોસાયટી ચિકુવાડી સુરત સહિત ત્રણને ઝડપી પાડ્યા હતા. પોલીસે ૨.૮૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો, ૫ લાખની ટાટા ફોર વ્હીલ, રોકડ રકમ મોબાઇલ મળી ૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# બારડોલી તાલુકાના ચાર ગામોમાં વિકાસ કામોનું ખાતમુહૂર્તઃ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૧૩ કરોડના ખર્ચે નવ રસ્તાઓનું નિર્માણ થશે



બારડોલી- બારડોલી વિધાનસભા ક્ષેત્રમાં વિકાસ કામોની નવી શરૂઆત થઈ છે. બારડોલી તાલુકાના તરભોણ, વડોલી, સરભોણ અને તેન ગામમાં કુલ નવ નવા રસ્તાઓના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સ્થાનિક ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારની અધ્યક્ષતામાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અને સુવિધાપથ હેઠળ આ વિકાસ કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે કુલ ૧૩ કરોડ રૂપિયાથી વધુનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ રસ્તાઓના નિર્માણથી ચારેય ગામોના રહીશોને વાહન વ્યવહારમાં સરળતા રહેશે અને તેમનું દૈનિક જીવન સુગમ બનશે.

# માંડવીમાં તબીબ સામે દુષ્કર્મની ફરિયાદઃ વિધવા મહિલાને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કર્યું, ધમકી પણ આપી




**બારડોલી-** માંડવી શહેરમાં એક ચકચારી કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સ્થાનિક ક્લિનિક ધરાવતા ડો. અંકિત ચૌધરી સામે એક વિધવા મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

મહિલા તેના બીમાર પતિની સારવાર માટે ડો. અંકિતના ક્લિનિક પર ગઈ હતી. ત્યાં તેમનો પ્રથમ પરિચય થયો હતો. થોડા સમય બાદ મહિલાના પતિનું અવસાન થયું. પતિની બીમારી અંગે જાણકારી મેળવવા મહિલાએ ડોક્ટરનો સંપર્ક કર્યો હતો.

ડો. અંકિતે વોટ્સએપ પર મહિલા સાથે વાતચીત શરૂ કરી. ધીમે ધીમે બંને વચ્ચે સંપર્ક વધ્યો. તબીબે મહિલાને લગ્નની લાલચ આપી. તેને ક્લિનિક પર બોલાવી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા. જયારે મહિલાએ લગ્ન કરવાનું કહ્યું, ત્યારે તબીબે સ્પષ્ટ ના પાડી દીધી. વળી, જો આ મામલે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી.

આઘાત પામેલી મહિલાએ તેના સગાઓને ઘટનાની જાણ કરી. તેમની મદદથી માંડવી પોલીસ મથકમાં ડો. અંકિત ચૌધરી વિરુદ્ધ છેતરપિંડી, દુષ્કર્મ અને ધમકી આપવા અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).